# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૩૧ તા.૨૩-૦૩-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મધ્યાહ્ન ભોજન અને સફાઈ અંગે

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, મ્યુનિ. શાળાઓમાં બાળકોને તમામ પોષક તત્વો મળી રહે તેને ધ્યાનમાં રાખીને મધ્યાહ્ન ભોજન આપવામાં આવે છે.

| સ્ત્રી શકિત સાપ્તાહિક મેનુ | | | |
|---|---|---|---|
| ક્રમ | વાર | ભોજન | નાસ્તો |
| ૧ | સોમવાર | વેજીટેબલ ખિચડી | સુખડી |
| ૨ | મંગળવાર | ફાડાલાપસી અને શાક | કઠોળ ચાટ |
| ૩ | બુધવાર | વેજીટેબલ પુલાવ | મિક્ષ દાળ |
| ૪ | ગુરુવાર | દાળ -ઢોકળી | કઠોળ ચાટ |
| ૫ | શુક્રવાર | દાળ-ભાત | મુઠિયા |
| ૬ | શનિવાર | વેજીટેબલ પુલાવ | કઠોળ ચાટ |

| અક્ષયપાત્ર સાપ્તાહિક મેનુ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વાર | વાનગી-૧ | વાનગી-૨ | વાનગી-૩ | નાસ્તો |
| ૧ | સોમવાર | દાળ ઢોકળી | જીરા પુલાવ | - | સુખડી |
| ૨ | મંગળવાર | સુખી ભાજી | જીરા રાઈસ | થેપલા/રોટલી | મસાલા સીંગ |
| ૩ | બુધવાર | વેજ પુલાવ | મિક્ષ શાક | - | ચુરમું |
| ૪ | ગુરુવાર | રાઈસ | દાળ ફ્રાય | થેપલા/રોટલી | ચણા મસાલા |
| ૫ | શુક્રવાર | વેજ. ખીચડી | મિક્ષ દાળ | - | ચુરમું |
| ૬ | શનિવાર | વેજ પુલાવ | દુધી ચણા દાળ | થેપલા/રોટલી | ચણા મસાલા |

મોટાભાગના બાળકો આરોગ્યપ્રદ મધ્યાહ્ન ભોજન જમે છે, બહુ જ સિમિત માત્રામાં બાળકો મધ્યાહ્ન ભોજન લેતાં નથી આવા બાળકો મધ્યાહ્ન ભોજન લે તે માટે બાળકોના વાલીનો સંપર્ક કરી બાળકો જમે તે માટે પ્રયાસ કરવા તેમજ બાળકોને પણ મધ્યાહ્ન ભોજનથી થતા લાભ અંગે સમજૂતી આપી મધ્યાહન ભોજન લેવા માટે પ્રેરિત કરવા ખાસ કરી રિશેષ દરમ્યાન કોઈ પણ સંજોગોમાં બાળકો બહારના તળેલા ફ્રાઈમ્સ, કુરકુરે, તેમજ તૈયાર કોઈપણ પ્રકારના પેકેટફુડ ન ખાય તે માટે કડક સુચના આપવામાં આવે છે. શાળાની બહાર કોઈ

| | |
|---|---|
| | # નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ |

લારી - ગલ્લા હોય તો તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીની જાણ હેઠળ તમારા ઝોનના એસ્ટેટ વિભાગને જાણ કરવી, લારી ગલ્લા હટાવવા કડક કાર્યવાહી કરવાની રહેશે.

સમયાંતરે બાળકોના દફતર ચેક કરવા દફતરમાં કોઈ શૈક્ષણિક સામગ્રી સિવાય બહારના કોઈ ખાદ્ય ચીજવસ્તુ કે અન્ય સામગ્રી ન હોય તે સુનિશ્ચિત કરવું.

**સફાઈ માટેની સૂચનાઓ :-**

- શાળાની સફાઈ માટે રાજ્ય સરકાર તરફથી શાળાઓને બાળકોની સંખ્યા મુજબ પુરતી ગ્રાન્ટ આપવામાં આવે છે. જેનો આયોજનબધ્ધ ઉપયોગ કરી મેદાન, સેનીટેશનની સ્વચ્છતા જાળવવી તેમજ બાળકોને હાથ ધોવા માટે સાબુની વ્યવસ્થા કરવી.
- શાળા કેમ્પસમાંનો એકઠો થતો ભીનો કચરો લીલા રંગની કચરા પેટીમાં અને સુકો કચરો વાદળી રંગની કચરા પેટીમાં નાખી નિકાલ કરવો. કોઈપણ સંજોગોમાં શાળામાં એકઠો થતો ભીનો કે સુકો કચરો સળગાવવો નહી. કોર્પોરેશન ધ્વારા કચરો એકઠો કરવા માટે આવતા વાહનમાં કચરાનો નિકાલ કરવાનો રહેશે.

તા. ૨૩-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી